# અભય દયાણમ્

— શ્રી વંસતલાલ કાંતિલાલ શાહ

આ વિશ્વનું સારભૂત તત્ત્વ એ પરમાત્માની કરુણા છે. એ પરમ પુરુષના પૂંજ વિના વિશ્વ વ્યવસ્થા તૂટી પડત. સૂરજ ઊગત નહીં, વાદળાં વરસત નહીં, નનકડું બાળક પા પા પગલી માંડી ન શકત, ચમેલી અને ગુલાબ તેના રંગ અને સુવાસ ખોઈ બેસત, પરમાત્માની એ કરુણા વિના પથ્થર ઉપર પથ્થર ન ટકત અને પહાડ ન સર્જાત તથા સમુદ્રમાં જળ બિંદુઓ પરસ્પર મળી ન શકત. આ વ્યવસ્થિત ઘટમાળના સર્વ મણકાઓ તૂટીને વેરાઈ જાત !

હું નિઃશંકપણે કહું છું કે, કરુણા વડે જ આપણે શ્વાસ લઈને મૂકી શકીએ છીએ અને એ કરુણા જ ધર્મ મહાસત્તાનો ઉદ્યોત કરી રહી છે. તીર્થંકર દેવની કરુણાએ જ આપણને ધર્મ મહાસત્તાનું ભાન કરાવ્યું. અનિત્યાદિ ૧૨ ભાવનાઓ, અણશણાદિ ૧૨ તપો, ક્ષમાદિ ૧૦ યતિધર્મો, સામાયિકાદિ ૫ ચારિત્ર્યો, ૨૨ પરિષહો પર જય આદિ સંવર–નિર્જરા તત્ત્વોનું ભાન કરાવ્યું. આ માર્ગદર્શન વિના આખી દુનિયા એક સાતમી નરક જ હોત, કીચડ જ હોત, કોહામણ અને રીબામણ જ હોત ! દુર્ગંધ અને દુર્ભાગ્ય જ હોત, ફૂલો રંગીન ન હોત, પ્રભાત સોનેરી ન હોત અને બાળક પ્રફુલ્લિત ન હોત. રહેત કેવળ પુણ્યહીન દુનિયાના પાપી માનવો. જે એક બીજાને બચકાં ભરત અને ફોલી ખાત.

આપણા જીવનનો જો કોઈ પણ હેતુ હોય તો તે એ જ કે, તે પરમાત્માની સર્વ સમર્થ કરુણાનો અનુભવ કરીએ. આપણા જીવનમાં જો કરુણા કાર્ય કરતી થાય તે માટે આપણે બાજુએ ખસી જઈએ. વિજ્ઞાન આજે ગુરુત્વાકર્ષણ, લોહચુંબકત્વ, અને વિદ્યુત શક્તિ એ પ્રકૃત્તિના ત્રણ મહાબળોની ભાષામાં સર્વ સ્થૂળ પ્રસંગોનું અર્થઘટન કરે છે. પણ યોગ વિજ્ઞાન કહે છે કે, વિશ્વના સર્વ પરિબળોના મૂળમાં આ કરુણા જ વહી રહી છે. એ કરુણા ખસેડી લો અને વિશ્વનું ખોખું કકડભૂસ થઈ જશે.

પરમાત્માની કરુણાનું પ્રથમ કાર્ય આપણને નિર્ભય કરવાનું છે. આથી જ શક્રસ્તવમાં પહેલું વિશેષણ અભય દયાણમ્ ( અભયને આપનારા )નું જ કહ્યું છે. અભય દાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી જ માર્ગ દાન (મગ દયાણં), શરણ દાન (શરણ દયાણં), બોધિ દાન (બોધિ દયાણં) ઈત્યાદિ છે.

આજે જ્યારે સર્વત્ર ભયનો એક કરુણ આક્રંદ સર્જાઈ રહ્યો છે, ત્યારે નિર્ભય ચિત્તની કેટલી જરૂર છે! સર્વ ભયોથી છૂટવા માટે જ ધર્મની રચના છે. માત્ર નિર્ભય-ચિત્ત જ પરમાત્માનું ઐશ્વર્ય અને સૌંદર્ય સમજી શકે છે. પરમાત્માની નિષ્કારણ અને નિઃસીમ કરુણાના સ્પર્શ વિના ચિત્ત નિર્ભય બનતું નથી. કરુણાનું એ પોલાદી તત્ત્વ જ ભયના કાચઘરનો ભૂક્કો ઉડાવી દે છે.

આપણે તો રોજ મંદિરમાં જઈએ છીએ. રોજ એ મૂર્તિ સામે ઊભા રહીએ છીએ. રોજ ત્યાં માથું નમાવીએ છીએ, ઘૂંટણીએ પડીએ છીએ. પણ તેની એક પણ નજર આપણી પર પડતી નથી. કયું જડ આવરણ તેની દૃષ્ટિને આપણી પર પડતાં રોકે છે? તે આત્મ સંશોધન કરવું જ રહ્યું. આપણે જો અહમ્ છોડી નમસ્કાર કરતાં શીખીશું, ભાવ નિક્ષેપ 'એવમ્ભૂત' નયથી જો માથું નમાવશું, તો તેની કરુણા આપણને પ્રચંડ પુર બની ઘેરી વળશે. એ સક્રિય સમજાય અને સર્વ સંમત કરુણા સર્વત્ર છલકાઈ રહી છે. માત્ર આપણો ઘડો જ કાંણાવાળો છે.

રોજ મારી શ્રદ્ધા વધતી જાય છે કે, સર્વ સાધનાનો પ્રારંભિક એકમ (Fundamental) અને મધ્યવર્તી બળ (Central Pinot) આ કરુણા જ છે. અને આપણે જે માનસિક ત્રાસના વાતાવરણમાં જીવી રહ્યા છીએ, તેમાંથી છૂટવાનો ઉપાય પણ એ કરુણા જ છે.

આપણું જીવન એક સતત ભયની અતૂટ પરંપરા છે. દુઃખ આવી પડવાનો ભય કે સુખ ચાલી જવાનો ભય. એ વિના આપણું જીવન બીજું છે પણ શું?

બધું ઇચ્છેલું મળતું નથી. બધું મળેલું ભોગવાતું નથી. અને બધું ભોગવેલું સુખ જ આપે એમ પણ નથી. કદાચ દુઃખની પ્રતિક્રિયા પણ લાવે. આ બધાનો ઉપાય પરમાત્મા સાથેની પ્રીત – સગાઈ છે. સ્થૂલ – સૂક્ષ્મ બધા ભયોને ભય પમાડવાનો ઉપાય આ જ છે.

જેટલી તેની કરુણા વધારે સંપાદન કરશો, તેટલા વધુ ભયમુક્ત થશો, અને પ્રીત-સગાઈ વધુ દૃઢ થશે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે તેમ 'હોય રીઝાણનો ઉપાયસામુ કાન જુએ રે'. પરમાત્મા જો સામે જુએ, તેની નજર જો આપણી ઉપર પડે, તેની કરુણા સંપાદન થાય, તો વ્યક્તિ અને વિશ્વ બધું જ રીઝાઈ જાય.

પરમાત્માને મારી પ્રાર્થના છે કે, તેની કરુણા તમારી શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પ્રત્યેક પરમાણુને હર્ષોન્મત કરો. તમારું પ્રત્યેક શક્તિ બિંદુ તેના કરુણા–કિરણનું વાહક બનો. તમારું પ્રત્યેક નાડી સ્પંદન અને હૃદય ધબકાર તેની કરુણાનો જ સંગીતમય પડઘો બનો.

* * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org